ટેન્ડર માટે વાટાઘાટોની નિતી નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ક્રમાંક: એસ/૨૨/૨૦૧૭/૬૩૧/ક.
તા.૦૮/૦૫/૨૦૧૮

આમુખ:-

માર્ગ અને મકાન વિભાગના વિવિધ કામો માટે જાહેર નિવિદાથી ટેન્ડર મંગાવવામાં આવે છે. ક્યારેક ઇજારદારે ભરેલ ટેન્ડરના ભાવ જે તે વિસ્તારમાં ટેન્ડર મંજુરીના નિર્ણય કરવાના સમયે તે સમયે જે તે ટેન્ડરના કામના વિસ્તારમાં મંજુર થયેલ અન્ય ટેન્ડરની સરખામણીમાં ઉંચા જણાય તેવા સંજોગોમાં ઇજારદારને વાટાઘાટ માટે બોલાવવામાં આવે છે. ક્યારેક જે તે ટેન્ડર ભરનાર ઇજારદાર વારંવાર વાટાઘાટની તારીખ અને સમય જણાવ્યાબાદ સક્ષમ અધિકારી પાસે વાટાઘાટ માટે આવતા નથી / વેલીડીટી લંબાવી આપતાં નથી. તેમજ વેલીડીટી પીરીયડ પુરો થાય ત્યાં સુધી પોતે વાટાઘાટ કરવા માંગતા નથી તે પ્રકારનો પત્ર પણ આપતા નથી. તે કારણોસર ટેન્ડરની વેલીડીટી પુર્ણ થવાથી ટેન્ડર ફરીવાર મંગાવવાની જરૂરીયાત ઉપસ્થિત થાય છે. જેના કારણે પ્રજાલક્ષી કામોમાં વિલંબ પણ થાય છે. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબનો પરિપત્ર કરવામાં આવે છે.

પરિપત્ર:-

ટેન્ડર મંજુરીની દરખાસ્ત કરતી સમયે જે તે સેક્શન કચેરીમાંથી જે તે વિસ્તારના સમાન પ્રકારના છેલ્લા છ માસમાં મંજુર થયેલ કામોની વિગતો સાથે કેટલી રકમ સુધીનું ટેન્ડર મંજુર કરવા પાત્ર રહે છે. તે વિગત સાથે દરખાસ્ત કરવાની રહેશે. ઇજારદારને ટેન્ડર વેલીડીટી તેમજ ટેન્ડર મંજુરીનો સમયગાળો ધ્યાનમાં લઇ વધુમાં વધુ ત્રણ વખત વાટાઘાટ માટે જાણ કરવામાં આવશે. જો ઇજારદાર વાટાઘાટ કરવા માંગતા ન હોય તો તેમણે વાટાઘાટની સુચના મળ્યાબાદ તરતજ તેઓ વાટાઘાટ કરવા માંગતા નથી તે મુજબનો પત્ર પાઠવવાનો રહેશે. જો ઇજારદાર ટેન્ડરની વેલીડીટી પુર્ણ થવાના સમયગાળા સુધીમાં પણ આ પ્રકારનો પત્ર પાઠવશે નહીં અથવા વાટાઘાટ કરશે નહીં તો તેમનું ટેન્ડર રદ ગણવામાં આવશે અને તેમની બાનાની રકમ જપ્ત કરવામાં આવશે તેમજ ઇજારદાર પર શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ પરિપત્રની તારીખથી Notice Inviting Tenders માં નીચે મુજબની વધારાની વિગત ઉમેરવાની રહેશે.

If found necessary, contractor will be intimated for negotiation. He will be intimated maximum three times within validity period for negotiation. If contractor does not respond in time, his earnest money will be forfeited and his tender will be rejected. Punitive action will be taken on such contractor.

(એ.એન.મિસ્ત્રી)
ઉપસચિવ (રા.ર.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

(પાછળ)

જે ઈજારદારો રજીસ્ટ્રેશન ધરાવતા હોય
તેમના જ ટેન્ડર ખોલવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
પરિપત્ર ક્રમાંક:- ટીએનસી-૧૦-૨૦૧૬-(FA-591-16)-૦૨-સી
સચિવાલય, ગાંધીનગર
તા.03-09-૨૦૧૬

વંચાણે લીધા:- (૧) ઠરાવ ક્રમાંક:- આરજીએન-૬૦૮૯-૮-પાર્ટ-૧-સી તા.૨૭-૦૧-૧૯૯૮
(૨) ઠરાવ ક્રમાંક:- આરજીએન-૬૦૮૯-૮-પાર્ટ-૧-સી તા.૦૬-૦૮-૨૦૧૧

<u>પરિપત્ર :-</u>

કેટલીક મા.મ. વિભાગીય કચેરીઓ દ્વારા કોન્ટ્રાકટર તરફથી રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રીન્યુઅલની અરજી કરવામાં આવેલ હોય, પણ તેમનું રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રજીસ્ટ્રેશન જેતે ટેન્ડર ખોલવાની તારીખે ન મળેલ હોય / આપવામાં આવેલ ન હોય તેમ છતાં તેમનાં ટેન્ડર ખોલવામાં આવેલ હતાં. પરિણામે આ ટેન્ડર ફરીવાર મંગાવવાના થાય છે તેમજ તેના કારણે કામના અમલીકરણમાં વિલંબ થાય છે. આથી હવે આ બાબતે નીચે મુજબની કાર્યપધ્ધતિ ચુસ્તપણે અમલમાં મુકવાની રહેશે.

કાર્યપાલક ઇજનેરશ્રી/અધિક્ષક ઇજનેરશ્રી ધ્વારા ટેન્ડર ખોલવાની તારીખે જે ઇજારદારો જેતે ટેન્ડર માટે પાત્રતા પ્રમાણેની કક્ષામાં રજીસ્ટ્રેશન ધરાવતા હોય તેમજ જેતે ટેન્ડર માટેની જરૂરી કેટેગરી/સ્પેશ્યીલ કેટેગરીમાં પણ રજીસ્ટ્રેશન ધરાવતાં હોય, આમ આ બન્ને શરતો પુર્ણ કરતા હોય તેવા ઇજારદારોના જ ટેન્ડર ખોલવાનાં રહેશે.

ટેન્ડર ખોલવાની તારીખે જે ઇજારદારની રજીસ્ટ્રેશન રીન્યુઅલ/કેટેગરી રજીસ્ટ્રેશનની પ્રક્રિયા પુર્ણ થયેલ ન હોય, તેમનાં ટેન્ડર ખોલવાનાં રહેશે નહી. તેમ છતાં આ પ્રકારનાં પાત્રતા ન ધરાવતાં ઇજારદારોનાં ટેન્ડર ખોલવામાં આવશે તો સબંધિતોની જવાબદારી નક્કી કરવામાં આવશે તેની ગંભીરતાથી નોંધ લેવી.

આ પરિપત્ર ગુજરાત રાજ્ય બહાર રજીસ્ટર્ડ થયેલ કોન્ટ્રાક્ટર ધ્વારા જો ગુજરાતમાં વિભાગના કામોના ટેન્ડર ભરેલ હોય, તેવા કિસ્સામાં લાગુ પડશે નહી.

(એ. એન. મિસ્રી)
ઉપ સચિવ(રા.ર.)
માર્ગ અને મકાન

નકલ રવાના :-

(૧) મા.નાયબ મુખ્ય મંત્રીશ્રી અને મંત્રીશ્રી (મા.મ.) વિભાગના અંગત સચિવશ્રીની જાણ સારૂ.

(૨) મા.રા.ક..મંત્રીશ્રીનાં અંગત સચિવશ્રીની જાણ સારૂ.

(૩) મુ.ઇ.(મા.મ.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૪) મુ.ઇ.(પંચા.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૫) મુ.ઇ.(ને.હા.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૬) મુ.ઇ.(પા.યો.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) મુ.ઇ.(ગુ.નિ.) અને અ.સ.શ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૮) નિયામકશ્રી (એસટીસી) સ્ટાફ સ્ટ્રેનીંગ કોલેજ, ગાંધીનગર

(૯) મુ.ઇ.શ્રી (પી એન્ડ પી), મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૦) નાણાંકીય સલાહકારશ્રી, (મા.મ.) વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૧) સર્વે અ.ઇ.શ્રીઓ (મા.મ.) વર્તુળ, પેટા/ મા.મ.વર્તુળ/ ને.હા.વર્તુળ/ એક્સપ્રેસ –વે – વર્તુળ/ પાટનગર યોજના વર્તુળ.

(૧૨) સર્વે કા.ઇ.શ્રીઓ ઉપર્યુક્ત વર્તુળો હસ્તકના સર્વે વિભાગો.

(૧૩) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઇ.શ્રીઓ સહિત)

(૧૪) સર્વે પ્રોજેક્ટ શાખાઓ મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૫) સીલેક્ટ ફાઇલ સી - શાખા, ૨૦૧૬

**<u>ટેન્ડરમાં જથ્થાવધારા તથા જથ્થાવધારાના ભાવના માપદંડમાં સુધારણા કરવા બાબત</u>**

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
બ્લોક નં.૧૪/૨, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક: TNC-10-2017-01-C
તા.૧૧/૦૭/૨૦૧૭

## <u>ઠરાવ</u>

ટેન્ડરમાં જથ્થાવધારા તથા જથ્થાવધારાના ભાવના માપદંડ બાબતે બી-૧ અને બી-૨ ટેન્ડરના ક્લોઝ-૧૪.૨ માં જણાવ્યા મુજબ જથ્થાવધારા માટે ૩૦ ટકા સુધીનો જથ્થો ટેન્ડરના ભાવથી અને ૩૦ ટકાથી વધુ જથ્થામાં વધારો હોય તો જે તે વર્ષમાં કામગીરી કરેલ હોય તે વર્ષના એસ.ઓ.આર.થી કરવાની જોગવાઇ છે.

સદરહુ જોગવાઇમાં સુધારણા કરવા બાબતે સરકારશ્રીમાં ઘણા લાંબા સમયથી વિચારણા હેઠળ હતું. જે અન્વયે નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

| EXISTING CLAUSE | AMENDMENT |
|---|---|
| **Form B-1 Clause- 14.2**<br>**Form B-2 Clause- 14.2**<br>Except that when the quantity of any item exceeds the quantity as in the tender by more than 30% the contractor will be paid for the quantity in excess of 30% at the rate entered in the SOR of the year during which the excess in quantity is first executed and for the material consumed in excess quantity the rate for the material to be charged would be basic rate taken into account for fixing the rate for the SOR above instead of the rate stipulated in Schedule-A. | **Form B-1 Clause- 14.2**<br>**Form B-2 Clause- 14.2**<br>Except that when the quantity of any item exceeds the quantity as in the tender by more than **10%** the contractor will be paid for the quantity in excess of **10%** at the rate entered in the SOR of the year during which the excess in quantity is first executed or tender rate whichever is less. |

ઉપરોકત તમામ સુચનાનો અમલ ચુસ્તપણે તાત્કાલિક અસરથી કરવાનો રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.જી.પરમાર)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર



Scanned by CamScanner

જે કામ માટે એકજ ટેન્ડર આવેલ હોય તે ટેન્ડર પુનઃ માંગવા બાબત.

ગુજરાત સરકાર,
માર્ગ અને મકાન વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-TNC-10-2017-03-C(R&B)
સચિવાલય, ગાંધીનગર
તા.૧૮/૦૨/૨૦૧૭

સંદર્ભઃ- પીડીડબલ્યુ/૧૦૨૦૦૭/(ભાગ-૧)/ક્ષ

પ્રસ્તાવનાઃ-

અનુભવે પ્રસ્થાપિત થયેલ છે કે, બાંધકામની કામગીરી માટે જાહેર નિવિદાથી ટેન્ડર માંગવામાં આવે છે ત્યારે કેટલીક વાર એક જ ઈજારદાર દ્વારા ટેન્ડર ભરવામાં આવે ત્યારે આ ટેન્ડર વિભાગીય કક્ષાએ ખોલ્યા બાદ વર્તુળ કચેરીમાં તથા કેટલાંક કિસ્સામાં સરકારમાં મંજુરી અર્થે રજુ કરવામાં આવે છે, તેમજ કેટલીક વાર ટેન્ડર નામંજુર કરી પુનઃ માંગવાનો નિર્ણય કરવામાં આવે છે.

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાની માર્ગ દર્શિકા પ્રમાણે પ્રથમવારનું સીંગલ ટેન્ડર નહી ખોલવા અને આવું સીંગલ ટેન્ડર ફરીથી માંગવાની કાર્યવાહી કરવાની રહે છે. કેન્દ્રીય તકેદારી આયોગની માર્ગદર્શિકા મુજબ પણ એક માત્ર ટેન્ડર આવેલ હોય, તેવા કિસ્સામાં આવું ટેન્ડર મંજુર નહી કરીને ફરીથી માંગવાની કાર્યવાહી કરવાની રહે છે અને ત્યાર પછીના પ્રયત્નોમાં પણ એક જ ટેન્ડર આવે તો આવું ટેન્ડર જો વ્યાજબી ભાવ વાળું હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા વિચારણા કરી શકાશે.

ઠરાવઃ-

પુખ્ત વિચારણાને અંતે ઉકત સંજોગોમાં નીચે મુજબની કાર્યપધ્ધતિ નકકી કરવાનું ઠરાવવામાં આવે છે.

૧. જે કામ/પેકેજ માટે માત્ર એક જ ટેન્ડર ભરાઈને આવેલ હોય તેવા કામ / પેકેજના ટેન્ડરને Single Tender ગણવાનું રહેશે. આ પ્રકારના કિસ્સામાં ટેન્ડર ખોલવાનું રહેશે નહિ તથા ટેન્ડર પુનઃ માંગવાનું રહેશે. માત્ર વિશિષ્ટ સંજોગો, જેવા કે કુદરતી આપત્તી અને તાકીદની પરિસ્થિતિમાં માંગેલ ટેન્ડરોમાં પૂરતાં કારણો તેમજ અભિપ્રાય સાથે Single ટેન્ડર સ્વીકારવા માટે રજુ કરવામાં આવે તો તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણાં કરી શકાશે.

૨. બીજી વાર માંગવામાં આવેલ ટેન્ડરમાં પણ જો એક જ ટેન્ડર ભરાઈને [Single Tender] આવે, તો તે ખોલીને આવું ટેન્ડર જો વ્યાજબી ભાવ વાળું હોય તેવા સંજોગોમાં ટેન્ડર મંજુર કરવા બાબતે વિચારણાં કરવાની રહેશે.

આ હુકમો તાત્કાલિક અસરથી અમલમાં આવે છે. આ ઠરાવ નાણા વિભાગની ફાઈલ ક્રમાંકઃટીઈએન/૨૦૧૬/એફએ(મા.મ.) પર મળેલ સરકારશ્રીની મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

(એ.એન.મિસ્ત્રી)
ઉપ સચિવ (ર.ર.)
માર્ગ અને મકાન વિભાગ

(પાછળ)

Scanned by CamScanner

માર્ગ અને મકાન વિભાગના કામોમાં ડીફેકટ લાયેબીલીટી પીરીયડમાં ફેરફાર કરવા બાબત

ગુજરાત સરકાર
માર્ગ અને મકાન વિભાગ
ઠરાવ ક્રમાંકઃ ટીએનસી/૧૦/૨૦૧૬/કલોઝ-૧૭ એ/સુધારો/(૧)/સ
સરદાર ભવન, બ્લોક નં.૧૪
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/૦૫/૨૦૧૬

સંદર્ભ:- માર્ગ અને મકાન વિભાગના કામો માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ ના કલોઝ-૧૭ એ માંની જોગવાઇ

આમુખઃ-

ગુજરાત સરકાર માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવામાં આવતા કામો માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ નો ઉપયોગ કરવામાં આવે છે. આ કામોમાં ડીફેકટ લાયેબીલીટી પીરીયડ માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ ના કલોઝ-૧૭ એ મુજબની કાર્યવાહી કરવામાં આવે છે. આ ડીફેકટ લાયેબીલીટી પીરીયડની જોગવાઇઓમાં ફેરફાર કરવાની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવઃ-

ઉપરોકત બાબતે પુખ્ત વિચારણાના અંતે માર્ગ અને મકાન વિભાગના કામો માટે નિયત કરેલ ટેન્ડર ફોર્મ બી-૧ અને બી-૨ માંના ડીફેકટ લાયેબીલીટી પીરીયડ અંગેના કલોઝ-૧૭ એ માંની જોગવાઇઓમાં નીચે મુજબનો ફેરફાર કરવામાં આવે છે.

| Clause | Existing Provision | Modified Provision |
|---|---|---|
| 17 A (b) | For all works costing more than Rs.50,000/- and up to Rs.1 crore (amount put to tender), period shall be **6 months** from the certified date of completion or one monsoon, whichever is later. | For all works costing more than Rs.50,000/- and up to Rs.1 crore (amount put to tender), period shall be **12 months** from the certified date of completion or one monsoon, whichever is later. |
| 17 A (c) | For major projects costing more than **Rs. 1 crore**, period shall be **12 months** from the certified date of completion which should include one monsoon | For major projects costing more than **Rs. 1 crore**, **(amount put to tender)**, period shall be **36 months (thirty six)** from the certified date of completion or three monsoons, whichever is later. |

ઉપરોકત ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પરની નોંધમાં માનનીય મંત્રીશ્રી (મા.મ.)ની તા.૧૦/૦૫/૨૦૧૬ના રોજ મંજુરી મેળવી બહાર પાડવામાં આવેલ છે. આ ઠરાવના ઇસ્યુ તારીખથી ઉપરોકત સુધારેલ જોગવાઇઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.કે.ચૌહાણ)
ખાસ ફરજ પરના અધિકારી (વિ.યો.)
માર્ગ અને મકાન વિભાગ
ગાંધીનગર

કાર્યપાલક ઇજનેરશ્રી, વિદ્યુત વિભાગ, વડોદરા.

| | |
|---|---|
| શાખા | TC |
| મુ. કા | |
| વિ. હિ. | |
| કા. ઈ. | |
| આવક નં. | 2591 |
| તારીખ | 3/6/16 |

Very Important
copy to All Auditors
PB, DCE

પ્રતિ,

(૧) માન.મંત્રીશ્રી, મા.મ. ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

(૨) માન.રા.ક.મંત્રીશ્રી, મા.મ. ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર

(૩) સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૪) સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર

(૫) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત, રાજકોટ

(૬) સર્વે મુખ્ય ઇજનેરશ્રી, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) નિયામકશ્રી, એન્જીનીયરીંગ સ્ટાફ કોલેજ, ગાંધીનગર

(૮) વહીવટી સંચાલકશ્રી, જીએસઆરડીસી, નિર્માણ ભવન, ગાંધીનગર

(૯) સર્વે અધિક્ષક ઇજનેરશ્રીઓ, મા.મ. વર્તુળો/આલેખન/પાટનગર યોજના, માર્ગ યોજના/એકસપ્રેસ વે વર્તુળ/સહિત

(૧૦) સર્વે અધિક્ષક ઇજનેરશ્રી, પંચાયત (મા.મ.) વર્તુળો

(૧૧) નિયામકશ્રી, ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા

(૧૨) નિયામકશ્રી, ઉપવન અને બગીચા, ગાંધીનગર

(૧૩) સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી, મા.મ. વિભાગ

(૧૪) સર્વે કાર્યપાલક ઇજનેરશ્રી, પાટનગર યોજના/વિદ્યુત/ માર્ગ યોજના/ પંચાયત મા.મ. વિભાગો

(૧૫) સર્વે તાંત્રિક અધિકારીશ્રીઓ (ના.કા.ઇ.શ્રીઓ સહિત) મા.મ. વિભાગ

(૧૬) સર્વે પ્રોજેકટ શાખા, મા.મ. વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૧૭) સીલેકટ ફાઇલ

—x—

જા.નં. ઈલેક-૨/ ૨૧૫૦/૨૦૨૬.
તારીખ :- [illegible]-૨૦૨૬.

નકલ રવાના પ્રતિ, કાર્યપાલક ઈજનેરશ્રી, અમદાવાદ વિદ્યુત (યાંત્રિક) વિભાગ નં-૨/ નં-૨/ ગુજરાત હાઈકોર્ટ વિદ્યુત વિભાગ, સોલા, અમદાવાદ/ અમદાવાદ વિદ્યુત વિભાગ/ પાટનગર યોજના ભવન, ગાંધીનગર/ રાજકોટ/ સુરત/ વડોદરા તરફ જાણ સારૂ તેમજ કરાવવા સારુ તેઓશ્રી ઉપરોક્ત જણાવેલ જોગવાઈઓની ચુસ્તપણે અમલ કરવા સારૂ.

અધિક્ષક ઈજનેર (વિદ્યુત)
મા.અને મ. વિભાગ, ગાંધીનગર